**Seat No. : _______________**

# XC-102

**T.Y.B.A.**

**March-2013**

## Gujarati

## Paper-IX

**(ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ખંડ-૨ અને કાવ્યનાં તત્ત્વો)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

૧. અનુગાંધીયુગનાં લક્ષણો જણાવી ગાંધીયુગથી તે કઈ રીતે જુદો પડે છે ? તે વિગતે જણાવો. **૧૪**

**અથવા**

(અ) રાજેન્દ્રશાહ, જયંતપાઠક અને પ્રિયકાંત મણિયાર પૈકી કોઈપણ એક કવિની કવિતાના અભ્યાસની ચર્ચા કરો.

(બ) પરિક્રમા, બારીબહાર પૈકી કોઈપણ એક કૃતિનો પરિચય કરાવો.

૨. (અ) કોઈપણ **એક** વિશે નોંધ લખો : **૧૪**

(૧) આધુનિક સાહિત્યની વિભાવના ચર્ચો.

(૨) અસ્તિત્વવાદ

(બ) કોઈપણ **એક** વિશે નોંધ લખો :

(૧) લાભશંકર ઠાકર અથવા સુરેશ જોષી

(૨) સાપ્રંત નવલકથા અથવા સાપ્રંત એકાંકી

૩. નીચેનામાંથી કોઈપણ **ત્રણ** છંદોનો સદૃષ્ટાંત પરિચય કરાવો :

(અ) મંદાકાન્તા, હરિણી, શાર્દૂલવિક્રીડિત, ચોપાઈ, દોહરો **૬**

(બ) નીચેનામાંથી કોઈપણ **ચાર** પંક્તિઓના છંદ માત્ર ઓળખાવો : **૮**

(૧) લીધો જનમ ને ગમે થવું જ રાખ આ ભૂમિમાં.

(૨) ચોપાસમાં રણકતો સુનકાર લાગે,
વૃક્ષો બધાં વિહગની રજૂઆત લાગે.

(૩) ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય.

(૪) જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા,
તુજ વિના ધેનુમાં કોણ જાશે ?

(૫) તું જેની તેની સહ કોટિ કરંત લાડ,
હો મંજરી અગર કંકર કે વિહંગ

(૬) અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા.

૪. (અ) નીચેનામાંથી કોઈપણ **ત્રણ** અલંકારનો સદૃષ્ટાંત પરિચય કરાવો : **૬**

ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, દૃષ્ટાંત, વર્ણાનુપ્રાસ

(બ) નીચેનામાંથી કોઈપણ **ચાર** અલંકાર માત્ર ઓળખાવો : ૮

(૧) નયનબાણ કરતાં પણ જિહ્‌વાબાણ વધારે કાતિલ નીવડે છે.

(૨) વાહ પહેલવાન ! પાપડ તોડી નાંખ્યો !

(૩) ઊંચે બધાં શિખર શ્વેત થયાં જણાય,
નીચે નદીવહનમાં તરુઓ તણાય.

(૪) મને આકર્ષ્યા છે સતત ગરવાં આ પયધરે

(૫) ચાકરની બુદ્ધિ તો ચાકર જેવી.

(૬) અખાડામાં જવાના મેં ઘણીવાર અખાડા કર્યા છે.

૫. નીચેનામાંથી કોઈપણ **એક** કાવ્યનો છંદ, અલંકાર, રસ, ધ્વનિ આદિની દૃષ્ટિએ આસ્વાદ કરાવો : **૧૪**

**જૂનું પિયરઘર**

બેઠી ખાટે, ફરિ વળિ બધે મેડીએ ઓરડામાં;
દીઠાં હેતે સ્મૃતિપડ બધાં ઊકલ્યાં આપ રૂડાં:
માડી મીઠી, સ્મિત મધુરને ભવ્યમૂર્તિ પિતાજી,
દાદી વાંકી રસિક કરતી વાતથી બાળ રાજી.

સૂનાં સ્થાનો સજીવન થયાં, સાંભળું કંઠ જૂના,
આચરો કૈં વિવિધ ઢબના નેત્ર ઠારે સહુના;
ભાંડુ નાનાં, શિશુસમયનાં ભાવનાં સોબતીઓ,
જ્યાં ત્યાં આવી વય બદલી સંતાય જાણે પરીઓ.

તોયે એ સૌ સ્મૃતિ છબિ વિષે વ્યાપી બે ચક્ષુઘેરી,
ન્હાની મોટી બહુરૂપી થતી એક મૂર્તિ અનેરી;
ચોરીથી આ દિવસ સુધીમાં એવી જામી કલેજે,
રે કૌમારે પણ મુજ સરે બાલવેશે સહેજે !

બેસી ખાટે પિયરઘરમાં જિંદગી જોઈ સારી,
ત્યારે જાણી અનહદ અતિ, નામ મ્હારા ત્હમારી.

– બળવંતરાય ઠાકોર

**અથવા**

**કન્યા વિદાય**

સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઊઘલતી મ્હાલે.
કેસરિયાવાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.
પાદર બેસી ફફડી ઊઠતી ઘરચોળાની ભાત
ડૂસકે ડૂસકે હડસેલાતી બાળપણાની વાત
પૈડું સીંચતા રસ્તો આખો કોલાહલમાં ખૂંપે
શૈશવની ચીતરેલી શેરી સૂનકારમાં ડૂબે
જાન વળાવી પાછો વળતો દીવડો થર થર કંપે
ખડકી પાસે ઊભો રહીને અજવાળાને ઝંખે
સમી સાંજનો ઢોલ ઝબૂકતો જાન ઊઘલતી મ્હાલે
કેસરિયાવાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.

– અનિલ જોશી.